| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૨/ ૦૩ / ૨૦૨૬ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૨/ ૦૩ / ૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | ૦૭/ ૦૩ / ૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૫ |

## મે. મહેસાણાના ત્રીજા એડીશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટ, એટઃ– વિસનગર.

**ફોજદારી પરચુરણ અરજ નં.૧૨૯/૨૦૨૬.**
આંક–

અરજદારઃ– ૧. **પટેલ સંજયભાઇ પ્રહલાદભાઇ,**
ઉં.વ.આ.– ૫૦, ધંધો.– વેપાર,
રહે. – ઉંઝા,
ઠે.– ૫૦/પુરષોત્તમનગર, નવજીવન સ્કુલની પાછળ,
તા.– ઉંઝા, જી.– મહેસાણા.

**વિ રૂ દ્ધ**

સામાવાળાઃ– ૧. ધી સ્ટેટ ઓફ ગુજરાત.

**બાબતઃ–** – ભારત બહાર જવા પરવાનગી આપવા તથા પાસપોર્ટ પરત મેળવવા સારૂ અરજ...

| | |
|---|---|
| અરજદારો તરફે વિદ્વાન વકીલ શ્રી | એ. પી. કુરેશી. |
| સામાવાળા તરફે વિદ્વાન એડિ.પી.પી. શ્રી | જે. બી. રાજપુત. |

## //ઠરાવ//

(૧).. આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ ઉંઝા પોલીસ સ્ટેશન ફ. ગુ. ર. નંબર–૧૨૮/૨૦૧૮ થી ઇ. પી. કો. કલમ– ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૧૪ મુજબનો ગુનો

નોધાયેલ અને જેનો ક્રીમીનલ કેસ નંબર–૪૫૬/૨૦૧૯ નો પડેલ છે.

વધુમાં જણાવેલ છે કે, નામદાર હાઇકૉર્ટે આર/ક્રીમીનલ પરચુરણ અરજ નંબર–૨૦૭૨૯/૨૦૨૫ ના કામે તા.૩૦–૦૮–૨૦૧૮ ના રોજ રૂ.૧૫,૦૦૦/–ના રોજ જામીન મુક્ત કરેલ અને જેની શરત નંબર–૦૩. **"અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોઇ તો એક અઠવાડિયામાં રજુ કરવો** " જે મુજબ અરજદાર/આરોપીએ પોતાનો પાસપોર્ટ નંબર–R–1658195 નો તા.૦૧–૧૧–૨૦૧૮ ના જમા કરાવેલ હોય અને સદરહુ પાસપોર્ટ ઉંઝા નામદાર કૉર્ટની સેફ કસ્ટડી રજીસ્ટર્ડ અનુક્રમ **નંબર–૦૬/૨૦૨૫** થી જમા કરાવેલ છે.

વધુમાં જણાવેલ છે કે, અરજદાર મહારાજ સ્પાઇસીસ ૭/૧૨/૬, ક્રિષ્નામીલ કંમ્પાઉન્ડ, સ્ટેશન રોડ, ઊંઝા મુકામે વેપાર ધંધો કરીએ છીએ જેની જી.એસ.ટી.આઈ.એન. નંબર–24ABHFM7345KIZX છે. અને અરજદાર/આરોપીએ કેનેડા ના વિઝા મેળવવા અરજી કરેલ હોઈ જે અરજીના સંદર્ભે ઈમેલ આવી ગયેલ હોઈ જેની કોપી આ સાથે બીડલ છે. જેથી પાસપોર્ટ ની જરૂર હોઈ, તથા વિઝા મળ્યેથી કેનેડા અરજદાર/આરોપીને ધંધા અર્થે જવાનું હોઈ જે માટે પાસપોર્ટ પરત લેવા તથા કેનેડા જવાની પરવાનગી સાથે પાસપોર્ટ પરત મેળવવા હાલની અરજ ગુજારેલ છે.

વધુમાં જણાવેલ છે કે, અરજદારને વિઝા અરજી માટે ૪૫ દિવસ તથા વિઝા મંજુર થયા બાદ ૬૦ દિવસ માટે એટલે તા.૦૧/૦૩/૨૦૨૬ થી તા.૩૦/૦૬/૨૦૨૬ એમ ૦૪ માસ માટે વિઝા કઢાવી કેનેડા મુકા જવાનું હોઈ કેનેડા જવાની પરવાનગી આપવા તથા અરજદારે જમા કરાવેલ પાસપોર્ટ અસલ

પાસપોર્ટ મેળવી વિઝા તેમજ ટીકીટ મેળવવા સારૂ કામગીરી કરવાની હોય તા.૦૧/૦૩/૨૦૨૬ થી તા.૩૦/૦૬/૨૦૨૬ સુધી ૦૪ માસ માટે સદરહુ પાસપોર્ટ પરત મેળવવા સારૂ તથા ભારત બહાર જવા સારૂ પરવાનગી મેળવવા માટે હાલની અરજ કરેલ છે.

(૨).. સામાવાળાને નોટીસની બજવણી થતાં વિ.એડિ.પી.પી.શ્રી જે. બી. રાજપુતનાઓ હાજર થયેલ છે અને તેમણે જણાવેલ છે કે, સદર કામે અરજદાર/આરોપીને તેમનો પાસપોર્ટ પરત કરવા સામે વાંધો હોવા અંગે રજુઆત કરેલ છે. વધુમાં એવી રજુઆત કરેલ છે કે, જો અરજદાર/આરોપી વિદેશ જશે તો પરત નહી આવે અને ટ્રાયલના કામમાં વિલંબ થશે. જેથી હાલની અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૩).. અરજદારના વિદ્ધાન વકીલશ્રી એ. પી. કુરેશીનાએ અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, અરજદાર/આરોપીને વિઝા અરજી માટે ૪૫ દિવસ તથા વિઝા મંજુર થયા બાદ ૬૦ દિવસ માટે એટલે તા.૦૧/૦૩/૨૦૨૬ થી તા.૩૦/૦૬/૨૦૨૬ એમ ૦૪ માસ માટે વિઝા કઢાવી કેનેડા મુકામે જવાનું હોઈ કેનેડા જવાની પરવાનગી આપવા તથા અરજદારે જમા કરાવેલ પાસપોર્ટ અસલ પાસપોર્ટ મેળવી વિઝા તેમજ ટીકીટ મેળવવા સારૂ કામગીરી કરવાની હોય તા.૦૧/૦૩/૨૦૨૬ થી તા.૩૦/૦૬/૨૦૨૬ સુધી ૦૪ માસ માટે અરજદાર/આરોપીને ભારત બહાર જવા પરવાનગી આપવા તથા પાસપોર્ટ પરત મેળવવાની અરજ મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૪).. અરજદાર/આરોપીની અરજી, બંને પક્ષકારોની રજુઆતો ધ્યાને લઈ તથા નામદાર હાઈકૉર્ટે આર/ક્રીમીનલ પરચુરણ અરજ નંબર–૨૦૭૨૯/૨૦૨૫ ના કામે

તા.૩૦-૦૮-૨૦૧૮ ના રોજ રૂ.૧૫,૦૦૦/-ના રોજ જામીન મુક્ત કરેલ અને જેની શરત નંબર-૦૩."**અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોઈ તો એક અઠવાડિયામાં રજુ કરવો** " તેવી શરત મુકેલ છે તથા સબંધીત સેશન્સ જજની અગાઉથી પરવાનગી મેળવી લઈ ભારત દેશ છોડી શકશે નહી તેવી શરત ફરમાવેલ છે.

(૫).. ઉપરોક્ત ચર્ચા કરેલ સમગ્ર હકીકત ધ્યાને લેતાં અરજદાર/આરોપી સામે જે ગુના સબબ પાસપોર્ટ નંબર-R-1658195 નો ઉંઝા કૉર્ટમાં જમા કરાવેલ છે. વધુમાં આરોપી તરફે તેઓ તેમની સામેના કેસમાં ઓળખ અંગે કોઈ તકરાર લેશે નહી તથા તે કેસ હાલમાં પુરાવા ઉપર છે તેવું જાહેર કરેલ છે.

ઉપરોક્ત સંજોગોમાં અરજદાર/આરોપી તરફે કરેલ રજુઆત ધ્યાને લીધી. તેમજ અરજદાર/આરોપીને પાસપોર્ટની ધંધાર્થે જરૂરિયાત ઉપસ્થીત થયેલ છે તે સંજોગોમાં અરજદાર/આરોપીને તેમનો કૉર્ટમાં જમા કરાવેલ પાસપોર્ટ પરત કરવો અને ભારત બહાર જવા પરવાનગી આપવી વ્યાજબી અને ઉચીત જણાતું હોઈ, **તા.૦૧/૦૩/૨૦૨૬ થી તા.૩૦/૦૬/૨૦૨૬ સુધી ૦૪ માસ** માટે સદરહુ પાસપોર્ટ પરત પરત સોપવો તથા ભારત છોડવાની પરવાનગી આપવી ન્યાયોચિત જણાતું હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## // હુકમ //

- અરજદાર/આરોપીની હાલની ક્રીમીનલ પરચુરણ અરજ નંબર-૪૯૬/૨૦૨૫ ની **મંજુર** કરવામાં આવે છે.
- અરજદાર/આરોપીએ ઉંઝા પોલીસ સ્ટેશન ફ. ગુ. ર. નંબર-૧૨૮/૨૦૧૮ થી ઈ. પી. કો. કલમ-૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૧૪ મુજબના ગુનાના કામે જમા કરાવેલ પાસપોર્ટ

નંબર–R–1658195 નો તા.૦૧–૧૧–૨૦૧૮ ના જમા કરાવેલ હોય અને સદરહુ પાસપોર્ટ ઉંઝા નામદાર કોર્ટની સેફ કસ્ટડી રજીસ્ટર્ડ અનુક્રમ નંબર–૦૬/૨૦૨૫ થી જમા છે. તે પાસપોર્ટ નાઝરશ્રીએ અરજદાર/આરોપીની પુરતી ઓળખ લઇ પરત આપવો.

- અરજદાર/આરોપીને **તા.૦૧/૦૩/૨૦૨૬ થી તા.૩૦/૦૬/૨૦૨૬ સુધી ૦૪ માસ** માટે **ભારતની હદ છોડવાની તથા પાસપોર્ટ પરત કરવા નીચેની શરતોને આધીન પરવાનગી આપવામાં** આવે છે.

**<u>શરતોઃ</u>–**

**(૧)..** અરજદાર/આરોપીએ રૂ. ૫૦,૦૦૦/– (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) ટ્રાયલ કોર્ટમાં ડીપોઝીટ તરીકે જમા કરાવવા તથા તે રકમ જમા કરાવ્યા બાદ અત્રેની અદાલતની પરવાનગી વગર પરત મેળવી શકશે નહી.

(૨) અરજદાર/આરોપીએ તેઓની ગેરહાજરીના કારણે તેઓ સામે ચાલતી ન્યાયિક કાર્યવાહી અટકશે નહી કે તેઓ ઓળખ અંગે કોઇ તકરાર લઇ શકશે નહી.

(૩) અરજદાર/આરોપીએ વિદેશથી પરત ફર્યા બાદ દિન–૦૭માં પાસપોર્ટ ઉંઝા કોર્ટમાં જમા કરાવવાનો રહેશે.

હુકમ આજરોજ તારીખ ૦૭મી માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૭/૦૩/૨૦૨૬.
સ્થળ – વિસનગર

**( પ્રવિણભાઇ જોઇતાભાઇ ચૌધરી )**
ત્રીજા એડીશનલ સેશન્સ જજ,
મહેસાણા, મુ.વિસનગર.
**UIC No.GJ**–00661

પી.એસ., મહેશ જી. રાવલ.